**સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ**
**(ગુજરાત સરકારની સંપૂર્ણ માલિકીનું સાહસ)**
**બ્લોક નં. ૧૨ નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦.**
www.sardarsarovardam.org

## ઇજનેરી સહાયક (સીવીલ) અને અધિક ઇજનેરી સહાયક (સીવીલ) માટેની જાહેરાત

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ હેઠળ **(૧) કચ્છ (૨) પાટણ (૩) બનાસકાંઠા (૪) સુરેન્દ્રનગર (૫) બોટાદ (૬) મોરબી** જિલ્લાઓ માટે ઇજનેરી સહાયક (સીવીલ) ની કુલ ૧૧૫ જગ્યાઓ તથા અધિક ઇજનેરી સહાયક (સીવીલ) ની કુલ- ૨૨૦ જગ્યાઓ **કરાર આધારિત ૧૧(અગિયાર) માસના ફીકસ પગારથી** ઉમેદવારો પસંદ કરવા માટે ઓનલાઇન અરજીઓ તા.૨૭–૫–૨૦૧૬ ૧૩.૦૦ કલાકથી તા.૧૫–૬–૨૦૧૬ કલાક સુધીમાં મંગાવવામાં આવે છે.

**(૧) જગ્યાનું નામઃ- ઇજનેરી સહાયક (સીવીલ) કુલ - ૧૧૫ જગ્યાઓ**

આ જગ્યાઓ માટે કેટેગરી પ્રમાણે સંખ્યાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ગનું નામ | કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી | |
|---|---|---|---|---|
| | | | પુરૂષો માટે | મહિલાઓ માટે |
| ૧ | બિન અનામત | ૪૬ | ૩૧ | ૧૫ |
| ૨ | બિનઅનામત આર્થિક રીતે નબળા વર્ગ | ૧૧ | ૦૭ | ૦૪ |
| ૩ | સા.અને શૈ.પ. વર્ગ. | ૩૦ | ૨૦ | ૧૦ |
| ૪ | અનુસૂચિત જાતિ | ૦૮ | ૦૫ | ૦૩ |
| ૫ | અનુ. જનજાતિ | ૧૭ | ૧૧ | ૦૬ |
| ૬ | શારીરીક રીતે ખોડ ખાંપણ | ૦૩ | ૦૨ | ૦૧ |
| | **કુલ** | **૧૧૫** | **૭૬** | **૩૯** |

ઇજનેરી સહાયક માટે માસિક ફિક્સ પગાર રૂ. ૨૦,૦૦૦/- (અન્ય કોઈ લાભો કે ભથ્થાં મળવાપાત્ર રહેશે નહી.)

**જરૂરી લાયકાત** :-

(૧) ગુજરાત સરકાર દ્વારા માન્ય યુનિવર્સિટીમાંથી સિવિલ ઈજનેરની સ્નાતકની પદવી અથવા ગુજરાત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત સમકક્ષ લાયકત.

(૨) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન

(૩) કોમ્પ્યુટર અંગેનું પ્રાથમિક જ્ઞાન

<u>વય મર્યાદા:-</u> અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારની વય ૨૧ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષથી વધુ નહિ તેટલી હોવી જોઈએ.

**(૨) જગ્યાનું નામ:- અધિક ઇજનેરી સહાયક (સીવીલ) કુલ - ૨૨૦ જગ્યાઓ**

આ જગ્યાઓ માટે કેટેગરી પ્રમાણે સંખ્યાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ગનું નામ | કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી | |
|---|---|---|---|---|
| | | | પુરૂષો માટે | મહિલાઓ માટે |
| ૧ | બિન અનામત | ૮૬ | ૫૮ | ૨૮ |
| ૨ | બિનઅનામત આર્થિક રીતે નબળા વર્ગ | ૨૨ | ૧૫ | ૦૭ |
| ૩ | સા.અને શૈ.પ. વર્ગ. | ૫૯ | ૪૦ | ૧૯ |
| ૪ | અનુસૂચિત જાતિ | ૧૫ | ૧૦ | ૦૫ |
| ૫ | અનુ. જનજાતિ | ૩૨ | ૨૧ | ૧૧ |
| ૬ | શારીરીક રીતે ખોડ ખાંપણ | ૦૬ | ૦૪ | ૦૨ |
| | **કુલ** | **૨૨૦** | **૧૪૮** | **૭૨** |

અધિક ઇજનેરી સહાયક માટે માસિક ફિક્સ પગાર રૂ. ૧૬,૦૦૦/- (અન્ય કોઈ લાભો કે ભથ્થાં મળવાપાત્ર રહેશે નહી.)

**<u>જરૂરી લાયકાત :-</u>**

(૧) ગુજરાત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત કરેલ યુનિવર્સિટી/ટેકનિકલ શિક્ષણ બોર્ડ/ ઈન્સ્ટીટ્યુટની સિવિલ એન્જિનીયરીંગમાં ડિપ્લોમાની પદવી અથવા ગુજરાત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત તેને સમકક્ષ લાયકાત.

(૨) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

(૩) કોમ્પ્યુટર અંગેનું પ્રાથમિક જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

<u>વય મર્યાદા:-</u> અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારની વય ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૩ વર્ષથી વધુ નહિ તેટલી હોવી જોઈએ.

ઉપરોક્ત ક્રમાંક (૧) તથા (૨) એમ બન્ને જગ્યાઓ માટે ઉંમરમાં છુટછાટ અને અન્ય જોગવાઇઓ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબ છુટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | સા.શૈ.પ.વ, અનુ.જાતિ, અનુ.જનજાતિ તથા બિનઅનામત આર્થિક રીતે નબળા વર્ગના પુરૂષ ઉમેદવારો | પાંચ વર્ષ |
| ૨ | બિન અનામત મહિલા ઉમેદવાર | પાંચ વર્ષ |
| ૩ | સા.શૈ.પ.વ, અનુ.જાતિ, અનુ.જનજાતિ તથા બિનઅનામત આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ |
| ૪ | શારિરીક રીતે અશકત ઉમેદવાર Loco motor Disability ની ૪૦ ટકા થી ૭૫ ટકા સુધીની અશકતતા ધરાવતા ઉમેદવારો કે જેઓ પોતાની રીતે હરીફરી શકે ને કામગીરી કરી શકે તેઓને મેડીકલ બોર્ડના તબીબી પ્રમાણપત્રને આધીન ૧૦ વર્ષ સુધીની છુટછાટ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદાને આધીન) મળવાપાત્ર છે. આ સિવાયની અશકતતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી. | |

**ખાસ નોંધ:-** તમામ કેટેગરીના ઉમેદવરોની ઉપલી વયમર્યાદા છૂટછાટ સાથે કોઈપણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઈએ નહીં.

**જાહેરાતની સામાન્ય જોગવાઇઓ:-**

**૧. નાગરિકત્વ:-**

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભુતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી, જાન્યુઆરી, ૧૯૬૨ પહેલા ભારતમાં આવેલા હોવા જોઇએ, અથવા

(ચ) મુળ ભારતીય વ્યકિત કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન,(બાંગ્લાદેશ ) બર્મા (મ્યાનમાર ), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા ,જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુકત પ્રજાસતાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ . પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ),(ઘ), અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક વિચારણામાં લેવામાં આવશે. અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો નિગમ તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂંક આપશે.

**૨. ઓનલાઇન જાહેરાત માટે નીચેની જોગવાઇઓ લાગુ પડશે.**

(૧) અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોને ઉંમરમાં છુટછાટનો લાભ મળવાપાત્ર રહેશે નહીં.

(૨) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફકત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનુ નથી, આ જગ્યાઓ પર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે. પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કૂલ-૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે. પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૩) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરૂષ ઉમેદવાર અરજી કરી શકે છે, કેમ કે, મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરૂષ ઉમેદવારની વિચારણા થઇ શકે છે પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે / જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે. અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરૂષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા. ત. કુલ-૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પૂરૂષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

3. <u>જન્મ તારીખઃ-</u>

(૧) પસંદગી સમિતી જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી બોર્ડ અથવા એચ.એસ.સી. બોર્ડ દ્વારા અપાયેલ અનુક્રમે એસ.એસ.સી.ઇ. અથવા એચ.એસ.સી.ઈ. પ્રમાણપત્ર જ માન્ય રહેશે. પરતું આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મ તારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે, તેઓએ એસ.એસ.સી. કે તેની પરીક્ષાનું મુળ પ્રમાણપત્ર તપાસેલ છે. અને પોતાની સમક્ષ રજુ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારોની સાચી જન્મ તારીખ .........છે. જે એસ.એસ.સી કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મ તારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તાના(Credibility) આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય પસંદગી સમિતી દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇ પણ કારણસર ફેરફાર થઇ શકશે નહિ.

૪. <u>શૈક્ષણિક લાયકાત-</u>

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણપત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર) અને પદવી પ્રમાણપત્રો અસલમાં તથા તેની સ્વયં પ્રમાણિત નકલ પસંદગી થયે રજુ કરવાની રહેશે, અન્યથા અરજીપત્રક જે તે તબક્કે રદ ગણવામાં આવશે.

**૫. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા બિનઅનામત આર્થિક રીતે નબળા વર્ગ :-**

(૧) મુળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા બિનઅનામત આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા બિનઅનામત આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચુક આપવી.

(૩) ઉમેદવારે અરજી પત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહિ હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હકક દાવો માન્ય રાખવામાં આવશે નહિ.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ, પસંદગી થયે અચૂક રજુ કરવાની રહેશે અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહિ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહિ અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ ઉન્નત વર્ગમાં નહિ થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ (ક) (ગુજરાતીમાં)ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા.૩૧/૦૩/૨૦૧૬ ના સમયગાળાની આવકને ધ્યાને લઇ તા.૦૧/૦૪/૨૦૧૫ થી અરજી કરવાની છેલ્લી તારીખ સુધી મેળવેલ હોવું જોઇએ. બિનઅનામત આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૬–૫–૧૬ના ઠરાવથી નિયત કરેલ પરિશિષ્ટ–અ (ગુજરાતી)નાં નમુના પ્રમાણે પ્રમાપણત્ર રજુ કરવાનું રહેશે. પરિણીત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે. અરજી સાથે પરિશિષ્ટ-ક ના બદલે એનેક્ષર- A (અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો પણ અરજી રદ કરવામાં આવશે. કેમ કે, એનેક્ષર-A ભારત સરકાર હેઠળની નોકરી માટેનું છે. જો ઉમેદવાર આ પ્રમાણપત્ર (પરિશિષ્ટ (ક) અરજી સાથે રજુ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિનઅનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

(૭) સરકારની પ્રવર્તમાન જોગવાઇ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છુટછાટ લીધા સિવાય પોતાની ગુણવતાના આધારે પસંદગી પામે તો બિન અનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૮) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહિ.

**૬. માજી સૈનિકો માટે** :-

માજી સૈનિકો માટે કુલ ભરવાપાત્ર જગ્યાઓના ૧૦ ટકા મુજબ જગ્યાઓ અનામત છે. જે જેતે કેટેગરી સામે સરભર કરાશે. માજી સૈનિક માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક માજી સૈનિક ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.

**૭. શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો**

(ક) શારિરીક અશકતતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(ખ) ૪૦% થી ૭૫% ની વિકલાંગતા ધરાવનાર ઉમેદવારોને અનામતનો લાભ / છૂટછાટ મળવાપાત્ર થશે. શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારની અનામત જગ્યાઓનો જે તે કેટેગરી સામે સમાવેશ કરવામાં આવશે.

**ભારત સરકારના તા.૧૮/૧/૨૦૦૭ના જાહેરનામાની યાદી અન્વયે O.L, O.H અને H.H. (એક પગે અપંગ, એક હાથે અપંગ અને કાને બહેરાશ ધરાવતા) ઉમેદવારો માન્ય ગણાશે.**

(ગ) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થન સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨ થી નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહી આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને તે ઉમેદવારને શારીરિક અશક્ત ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહી.

૮. <u>મહિલા ઉમેદવાર</u>

મહિલાઓ માટેની જગ્યાઓ ૩૩ ટકા મુજબ અનામત છે. જે જેતે કેટેગરી સામે સરભર કરાશે. મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ જો લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે જ કેટેગરીના પુરૂષ ઉમેદવારોથી ભરવામાં આવશે.

| |
|---|
| જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે. |

૯. <u>વિધવા ઉમેદવાર</u>

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "'લાગુ પડતું નથી'" એમ દર્શાવવું.

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે " હા" અચૂક લખવું અન્યથા "'લાગુ પડતું નથી' એમ દર્શાવવું.

(૩) વિધવા ઉમેદવાર પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઈચ્છતા હોય તો અરજી સાથે પુન:લગ્ન કરેલ નથી તેવી એફિડેવીટ રજુ કરવાની રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

**૧૦. પસંદગી થયેથી ઉમેદવારે નોકરી ન કરતાં હોવાનું સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.**

૧૧. <u>ગેરલાયક ઉમેદવાર:-</u>

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી / અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

૧૨. <u>ફરજિયાત નિવૃતિ, રુખસદ, બરતરફ</u>

અગાઉ ઉમેદવારને સરકારી સેવા / સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃતિ, રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

૧૩. <u>અગત્યની જોગવાઇઓ –</u>

(અ) ઈજનેરી સહાયકની જગ્યા પર નિમણૂક માટે ઉમેદવારની પસંદગી મેરીટના આધારે જ કરવામાં આવશે. જેના માપદંડમાં નીચે મુજબના ભારાંક લઈને મેરીટ ગુણની ગણતરી કરવામાં આવશે.

| | | |
|---|---|---|
| (૧) એસ.એસ.સી. | – | ૨૦ ગુણ |
| (૨) એચ.એસ.સી./ડિપ્લોમા | – | ૨૦ ગુણ |
| (૩) બી.ઇ.સીવીલ | – | ૬૦ ગુણ |
| | કુલ | ૧૦૦ ગુણ |

**નોંધ**:- (1) જે ઉમેદવારે એચ.એસ.સી. અને ડીપ્લોમા (સીવીલ) બંને પાસ કરેલ હોય તો જેમાં વધારે ટકાવારી હોય તે જ દર્શાવવાના રહેશે અને તેમાં પાછળથી ફેરફારને કોઈ જ અવકાશ રહેશે નહીં.

(2) જે ઉમેદવારોને માર્કશીટમાં પર્સેન્ટાઈલ દર્શાવેલ હોય તેઓએ ટકામાં રૂપાંતર કરીને જ અરજીમાં દર્શાવાનું રહેશે.

(બ) અધિક ઈજનેરી સહાયકની જગ્યા પર નિમણૂક માટે ઉમેદવારની પસંદગી મેરીટના આધારે જ કરવામાં આવશે. જેના માપદંડમાં નીચે મુજબના ભારાંક લઈને મેરીટ ગુણની ગણતરી કરવામાં આવશે.

| | |
|---|---|
| (૧) એસ.એસ.સી. – | ૨૦ ગુણ |
| (૨) ડિપ્લોમા - | <u>૮૦ ગુણ</u> |
| કુલ | ૧૦૦ ગુણ |

**નોંધ**:- જે ઉમેદવારોને માર્કશીટમાં સીપીઆઈ, સીજીપીએ અથવા પર્સેન્ટાઈલ દર્શાવેલ હોય તેઓએ ટકામાં રૂપાંતર કરીને જ ઓનલાઈન અરજી કરવાની રહેશે. જે ઉમેદવારે ટકામાં રૂપાંતર કર્યા સિવાય ઓનલાઈન અરજી કરેલ હશે તેમની અરજી કોઈપણ સંજોગોમાં માન્ય રહેશે નહીં અને રદબાતલ ગણવામાં આવશે.

- આ પસંદગી પ્રક્રિયામાં મૌખિક કસોટી (ઇન્ટરવ્યુ) રાખવામાં આવેલ નથી.
- ઉમેદવારની પસંદગી મેરીટના આધારે સ.સ.ન.નિ.લિ.ની પસંદગી સમિતી ધ્વારા કરવામાં આવશે.

**૧૪. <u>નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપેછે જે સંપુર્ણ નથી)</u>**

(૧) નિગમના ઓનલાઈન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય

(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધુરી કે અસંગત હોય.

(૩) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટો અપલોડ કરેલ ન હોય.

**૧૫.** ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ / ઉંમર વગેરે તમામ બાબતોના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઈપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણુક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહીને પાત્ર થશે.

**૧૬.** આ સંવર્ગની ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂક મેળવવાને પાત્ર ઠરશે.

**૧૭.** આ જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની કે ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો પસંદગી સમિતિને સંપુર્ણ હક્ક/અધિકાર રહેશે, અને પસંદગી સમિતિ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

**<u>Online અરજી કરવાની રીત :-</u>**

<u>આ જાહેરાતના સંદર્ભમાં સરદાર સરોવર નર્મદા નિગમ લિ. દ્વારા ઓન લાઇન જ અરજી સ્વીકારવામાં આવશે</u>. ઉમેદવારે તા.૨૭–૫–૨૦૧૬ ૧૩.૦૦ કલાકથી તા.૧૫–૬–૨૦૧૬ ૨૩.૫૯ કલાક સુધીમાં **<u>http://ojas.gujarat.gov.in</u>** પર અરજી પત્રક ભરી શકશે. <u>ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના Steps **(૧) થી (૧૬)** અનુસરવાના રહેશે. Confirmation Number મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.</u>

(૧) સૌ પ્રથમ **<u>http://ojas.gujarat.gov.in</u>** પર જવુ.

(૨) Apply On Line Click કરવું

આ પ્રમાણે Click કરવાથી (1) More Details તથા (2) Apply Now બટન દેખાશે. સૌપ્રથમ More Details પર Click કરીને જાહેરાતની બધી જ વિગતોનો અભ્યાસ ઉમેદવારોએ કરવો અને ત્યારબાદ Apply Now બટન ક્લિક કરવું

(૩) ઇજનેરી સહાયક/અધિક ઇજનેરી સહાયક ઉપર Click કરવાથી જગ્યાની વિગતો મળશે.

(૪) તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી (અહીં લાલ ફુદરડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે.) "Personal Details" માં જ્યાં Mobile Number અને email ID માંગ્યા છે, તેની વિગત લખવી જેથી જરૂર જણાયે નિગમ ઉમેદવારને માહિતગાર કરી શકે.

(૫) "Personal Details" ભરાયા બાદ Educational Details ભરવા માટે Educational Details પર Click કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ભરવી.

(૬) Additional Qualification પર "click" કરી Additional Qualification ભરવી

(૭) Experience Details પર "click" કરવું અને Experience Details ભરવી. Experience વધુ ઉમેરવા માગતા હોવ તો Add. More Exp.પર "Click " કરી Details ભરવી.

(૮) તેની નીચે "Self-declaration" માં Yes/No પર "click" કરવું

(૯) હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે. અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં નિગમ સાથેના કોઇ પણ પત્રવ્યવહારમાં તે દર્શાવવાનો રહેશે.

(૧૦) જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા વધારા કરવાના હોય તો Edit Application માં જઇને કરી શકાશે. આ સુવિધા અરજી Confirm કરતાં પહેલા ઉપલબ્ધ છે. **<u>એક વખત અરજી થઇ ગયા પછી/બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં.</u>**

(૧૧) હવે પેજના ઉપરના ભાગમાં Upload Photo પર click કરો. અહીં તમારો Application number type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ ok પર click કરો.

અહીં, Photo અને Signature Upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને signature નું માપ ૨.૫ સે.મી. ઉંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી.) (Photo અને Signature Upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature. jpg Format માં તમારો photo store (10 KB) સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ) " Browse " Button પર click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી select કરો. અને "open" Button ને click કરો. હવે "Browse" Button ની બાજુમાં "upload" Button પર click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ Upload કરવાની રહેશે.

(૧૨) હવે પેજ ઉપરના ભાગમાં " Confirm Application" પર "click" કરો. અને "Application Number" તથા Birth date Type કર્યા બાદ ok પર Click કરવાથી બે (૨) બટન ૧: Application Preview, ૨: Confirm Application દેખાશે. ઉમેદવારે "Application Preview" પર Click કરી પોતાની અરજી જોઇ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય, તો Edit Application પર click કરીને સુધારો કરી લેવો. અરજી confirm કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇ પણ સુધારો થઇ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm Application પર click કરવું. Confirm Application પર click કરવાથી ઉમેદવારની online અરજીનો સ્વીકાર થઇ જશે. અહીં Confirmation Number generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઇ ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઇપણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચુક કાઢી રાખવી. .

અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઇ ઉમેદવાર, જાહેરાતની જોગવાઇઓ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલુમ પડશે તો તેમની ઉમેદવારી કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે.

**વધુ પૃચ્છા માટે તા.૨૭–૫–૨૦૧૬ થી તા.૧૫–૬–૨૦૧૬ દરમિયાન સરકારી કામકાજના દિવસોએ ટેલિફોન નંબર ૦૭૯-૨૩૨૫૨૩૭૮ ઉપર સવારે ૧૦.૩૦ થી સાંજે ૬:૧૦ કલાક સુધી પૂછપરછ કરી શકાશે.**

**તા.૨૬–૫–૨૦૧૬** **(ડી. એમ. પઠાણ)**

**સ્થળ:- ગાંધીનગર** **આસી. જનરલ મેનેજર, (પર્સોનેલ)**

**સ.સ.ન.નિ.લિ. ગાંધીનગર.**